તમે કોક્લિયર ઇમ્પ્લાન્ટ વિશે વિચાર કરી રહ્યા છો?


કોક્લિયર ઇમ્પ્લાન્ટ મદદરૂપ થઈ શકે છે કે નહીં તે વિચારતા પુખ્ત વયના લોકો માટેની માર્ગદર્શિકા

કોક્લિયર ઇમ્પ્લાન્ટ શું છે?

કોક્લિયર ઇમ્પ્લાન્ટ એ ગંભીર અથવા અત્યંત ગંભીર સાંભળવાની તકલીફ ધરાવતા લોકો માટેનું આધુનિક ઉપકરણ છે, જેમને હિયરિંગ એડ (શ્રવણ યંત્ર)થી પૂરતો લાભ મળતો નથી. હિયરિંગ એડ અવાજને મોટો કરે છે, જ્યારે કોક્લિયર ઇમ્પ્લાન્ટ અવાજને ઇલેક્ટ્રિકલ સિગ્નલમાં ફેરવીને સીધા સાંભળવાની નસ સુધી પહોંચાડે છે.

તેના મુખ્ય બે ભાગ હોય છે:

- **આંતરિક ઇમ્પ્લાન્ટ** – જે સર્જરી દ્વારા ચામડી નીચે મૂકવામાં આવે છે.
- **બાહ્ય સાઉન્ડ પ્રોસેસર** – જે કાનની પાછળ પહેરવામાં આવે છે અને મેગ્નેટ (ચુંબક) દ્વારા આંતરિક ભાગ સાથે જોડાય છે.









શું કોક્લિયર ઇમ્પ્લાન્ટ તમારા માટે યોગ્ય છે?

જો તમને નીચેની પરિસ્થિતિઓ લાગુ પડતી હોય, તો તે તમારા માટે યોગ્ય હોઈ શકે છે:

- બંને કાનમાં ગંભીર અથવા અત્યંત ગંભીર સાંભળવાની તકલીફ હોય.
- યોગ્ય રીતે ફિટ કરેલા હિયરિંગ એડ હોવા છતાં વાતચીત સમજવામાં મુશ્કેલી પડતી હોય – ખાસ કરીને ફોન પર અથવા સમૂહ (ગ્રૂપ)માં વાત કરતી વખતે.

જે લોકો કોક્લિયર ઇમ્પ્લાન્ટનો ઉપયોગ કરે છે, તેઓ સામાન્ય રીતે જણાવે છે કે:

- તેમને લિપ-રીડિંગ (હોઠના હલનચલન પરથી સમજવા) પર ઓછી નિર્ભરતા રહે છે.
- સામસામે રહીને વાતચીત અનુસરવી વધુ સરળ બને છે.
- તેઓ પક્ષીઓનો કલરવ, પગલાંનો અવાજ અને એલાર્મ જેવા રોજિંદા અવાજો ફરીથી સાંભળી શકે છે.

જો હું વધુ જાણવા માગું તો મારે આગળ શું પગલાં લેવા?

કોક્લિયર ઇમ્પ્લાન્ટ માટે રેફરલ (ભલામણ) મળવાનો અર્થ એ નથી કે તમારે સર્જરી કરાવવી જ પડશે. આ માત્ર જાણવા માટેની એક તક છે કે આ સારવાર તમારા માટે યોગ્ય છે કે નહીં.

- **૧. પ્રથમ મુલાકાત:** તમે કોક્લિયર ઇમ્પ્લાન્ટ ટીમના નિષ્ણાતોને મળશો. તેઓ તમારી સાંભળવાની ક્ષમતાની તપાસ કરશે અને તમારી સમસ્યાઓ તેમજ અપેક્ષાઓ વિશે ચર્ચા કરશે.

- **૨. વિગતવાર તપાસ:** જો પ્રથમ મુલાકાતમાં લાગે કે ઇમ્પ્લાન્ટથી ફાયદો થઇ શકે છે, તો તમને આગળની અપોઇન્ટમેન્ટ (તબિબી મુલાકાત) માટે બોલાવવામાં આવશે. જેમાં નીચેનો સમાવેશ થાય છે:
    - વધુ વિગતવાર સાંભળવાની તપાસ (Hearing Tests)
    - સ્કેન (જેમ કે MRI અથવા CT સ્કેન)
    - નિષ્ણાતો સાથે મુલાકાત – જેમ કે ઓડિયોલોજિસ્ટ, રિહેબિલિટેશન (પુનર્વસન) નિષ્ણાત અને સર્જન.

૩. **નિર્ણય લેવો:** તમને યોગ્ય નિર્ણય લેવામાં સંપૂર્ણ મદદ કરવામાં આવશે. આમાં કોઇ ઉતાવળ નથી – તમે તમારો પૂરતો સમય લઇ શકો છો. તમે ત્યારે ના પણ કહી શકો અને ભવિષ્યમાં તમારો વિચાર બદલી પણ શકો છો.

મારે બીજું શું જાણવું જોઇએ?

- ઓપરેશન સામાન્ય રીતે સરળ હોય છે અને જનરલ એનેસ્થેસિયામાં (દર્દીને સંપૂર્ણ બેભાન કરીને) કરવામાં આવે છે.
    - *નોંધ:* કેટલીકવાર આ ઓપરેશન લોકલ એનેસ્થેસિયામાં (દર્દી ભાનમાં હોય પણ શરીરનો થોડો ભાગ ખોટો કરીને) પણ થઇ શકે છે. તમારા માટે શું યોગ્ય છે તેની ચર્ચા સર્જન તમારી સાથે કરશે.
- મોટાભાગના પુખ્ત વયના લોકોને NHS તરફથી એક ઇમ્પ્લાન્ટ મળે છે (જો વ્યક્તિ બધિર હોવાની સાથે દૃષ્ટિહીન [અંધ] પણ હોય, તો બે ઇમ્પ્લાન્ટ આપવામાં આવે છે).
- ઓપરેશન પછી, તમારે ફોલો-અપ અપોઇન્ટમેન્ટ્ માટે આવવું પડશે. ઇમ્પ્લાન્ટ દ્વારા નવા અવાજો સાંભળવા અને સમજવામાં થોડો સમય, મહેનત અને નિયમિત પ્રેક્ટિસની જરૂર પડે છે.
- દરેક વ્યક્તિનો અનુભવ અલગ અલગ હોય છે. શરૂઆતમાં અવાજ થોડો અલગ, રોબોટ જેવો અથવા ગુંજતો હોય (Echo) તેવો લાગી શકે છે. આ સામાન્ય છે. સમય જતાં મગજ આ નવા અવાજોને સમજવાનું શીખી જાય છે અને અવાજ વધુ સ્પષ્ટ અને સ્વાભાવિક બને છે.
- ઘોંઘાટવાળી જગ્યાઓમાં સાંભળવામાં હજી પણ મુશ્કેલી પડી શકે છે, પરંતુ સમય જતાં, ઘણા લોકો માટે સાંભળવાનું સરળ બની જાય છે.

રોજિંદા જીવનમાં કોક્લિયર ઇમ્પ્લાન્ટ:

- **ફોન અને સંગીત:** મોટાભાગના આધુનિક સાઉન્ડ પ્રોસેસર બ્લૂટૂથ અથવા ખાસ ઉપકરણો દ્વારા ફોન, ટીવી કે મ્યુઝિક સિસ્ટમ સાથે સીધા જોડાઇ શકે છે. પ્રેક્ટિસ દ્વારા ઘણા લોકો ફરીથી ફોન પર વાત કરવાનો અને સંગીતનો આનંદ લઇ શકે છે.
- **પાણી અને હવામાન:** આ ઉપકરણો સામાન્ય રીતે વોટર-રેઝિસ્ટન્ટ (પાણી સામે રક્ષણ આપનારા) હોય છે અને તેમના માટે ખાસ વોટરપ્રૂફ કવર પણ ઉપલબ્ધ હોય છે. વધુ માહિતી માટે, તમે કોક્લિયર ઇમ્પ્લાન્ટ ટીમ સાથે વાત કરી શકો છો.
- **પ્રોસેસર પહેરવું** - હિયરિંગ એડની જેમ જ આ પ્રોસેસરને દરરોજ દિવસ દરમિયાન પહેરવું અગત્યનું હોય છે. નહાતી વખતે અને સૂતી વખતે તેને ઉતારી દેવાનું રહે છે.

સામાન્ય પ્રશ્નો:

શું હું ઓપરેશન પછી તરત સાંભળી શકીશ?
ના, ઓપરેશનના આશરે ૧ થી ૪ અઠવાડિયા પછી, જ્યારે ઓપરેશનનો ઘા સંપૂર્ણ રૂઝાઈ જાય, ત્યારે ઇમ્પ્લાન્ટને ચાલુ કરવામાં આવે છે.

શું આ મગજનું ઓપરેશન છે?
ના, આ સર્જરી માત્ર અંદરના કાનમાં જ થાય છે, મગજમાં નહીં.

શું હું MRI સ્કેન કરાવી શકું?
હા, મોટાભાગના આધુનિક ઇમ્પ્લાન્ટ્સ MRI સ્કેન માટે સુરક્ષિત હોય છે, પરંતુ સ્કેન કરાવતા પહેલાં હંમેશા રેડિયોલોજી ટીમને તમારા ઇમ્પ્લાન્ટ વિશે જાણ કરવી જરૂરી છે.

શું વૃદ્ધ લોકો ઇમ્પ્લાન્ટ મેળવી શકે?
હા, ૮૦ અને ૯૦ વર્ષની ઉંમરના વડીલોએ પણ સફળતાપૂર્વક આ ઇમ્પ્લાન્ટ કરાવ્યા છે અને તેમને સારા પરિણામો મળ્યા છે.

વધુ માહિતી માટે આમનો સંપર્ક કરો:

- **British Cochlear Implant Group**
www.bcig.org.uk

- **Hear Together**
www.heartogether.org.uk

- **National Cochlear Implant Users Association**
www.nciua.org.uk